For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

થોડા દિવસો પહેલાં જ નિગમે કરેલું સમારકામ ધોવાઈ જતાં તંત્રનો ભ્રષ્ટાચાર છતો થયો

ચોમાસાની શરૂઆત થતાં જ નર્મદા સબ કેનાલમાં ફરી પડ્યા ભ્રષ્ટાચારના મસમોટા ગાબડા

ભારે વરસાદમાં કેનાલ તૂટવાનો ભય, ફેન્સિંગ અને કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરમાં ચોમાસાની શરૂઆત સાથે જ નર્મદા નિગમની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે. સમા વિસ્તારથી ગોરવા તરફ જતી નર્મદાની મુખ્ય સબ કેનાલમાં ફરી એકવાર મોટા ગાબડાં પડતાં તાજેતરમાં કરાયેલું સમારકામ નબળી ગુણવત્તાનું હોવાનું સામે આવ્યું છે. થોડા દિવસો પહેલાં જ કેનાલના ગાબડાંનું સમારકામ કરવામાં આવ્યું હતું, પરંતુ સામાન્ય વરસાદમાં જ તે ધોવાઈ જતાં કામગીરીમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ ઉઠ્યા છે.

વોર્ડ નં. 13ના કાઉન્સિલર હરીશ પટેલે જણાવ્યું કે આ કેનાલ ટીપી-13 અને ટીપી-48 જેવા ગીચ રહેણાંક વિસ્તારોમાંથી પસાર થાય છે. આગામી દિવસોમાં ભારે વરસાદથી કેનાલમાં પાણીનો પ્રવાહ વધે તો નબળા સમારકામને કારણે કેનાલ તૂટવાની શક્યતા છે. આવી સ્થિતિમાં આસપાસની સોસાયટીઓમાં પાણી ઘૂસી જવાથી પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે અને હજારો લોકોના જાનમાલને જોખમ ઊભું થઈ શકે છે.

આ કેનાલ અગાઉ પણ અનેક દુર્ઘટનાઓ માટે ચર્ચામાં રહી છે. સુરક્ષા માટે બનાવાયેલી પેરાફીટ વોલ ઓછી ઊંચાઈની હોવાથી મોર્નિંગ વોકર્સ અને સાયકલ સવારો માટે અકસ્માતનો ભય રહે છે. ભૂતકાળમાં વિદ્યાર્થી અને ઘોડેસવાર કેનાલમાં ખાબકવાના તેમજ બે વિદ્યાર્થીઓના ડૂબી જવાથી મોતના બનાવો બની ચૂક્યા છે. તેમ છતાં કેનાલની આસપાસ મજબૂત ફેન્સિંગ લગાવવાની સ્થાનિકોની લાંબા સમયથી કરાતી માંગ હજુ સુધી પૂર્ણ થઈ નથી.

કાઉન્સિલર હરીશ પટેલે વધુમાં આક્ષેપ કર્યો કે રજૂઆત છતાં નર્મદા નિગમના અધિકારીઓ ગાંધીનગરથી ગ્રાન્ટ ન મળ્યાનું કારણ આપી જવાબદારી ટાળી રહ્યા છે. બીજી તરફ કેનાલમાં જમા થયેલા કચરા અને ગંદકીને કારણે સ્થાનિકો પણ પરેશાન છે. ચોમાસાને ધ્યાનમાં રાખી ભ્રષ્ટાચારી કામગીરી કરનાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરી કેનાલનું યુદ્ધના ધોરણે ગુણવત્તાસભર સમારકામ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

બુટલેગરો વચ્ચેના ગેંગવોરના ફરી પડઘા..!

લિસ્ટેડ બુટલેગર અલ્પુ સિન્ધી ગેંગ સાથે જોડાયેલા વેપારી પર જીવલેણ હુમલો

નટુભાઈ સર્કલ પાસે જૂની અદાવતમાં હુમલો, ત્રણ સામે ગુનો નોંધાયો

પથ્થર મારી વેપારીને લોહીલુહાણ કર્યો, આરોપીઓ ફરાર

અકોટા પોલીસ તપાસમાં, ગેંગવોરથી વેપારીઓમાં ભયનો માહોલ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરમાં ચર્ચાસ્પદ અલ્પુ સિન્ધી અને હરિ સિન્ધી ગેંગ વચ્ચેની અદાવત ફરી હિંસક બની છે. રેસકોર્સ નજીક નટુભાઈ સર્કલ પાસે અલ્પુ સિન્ધી ગેંગ સાથે સંકળાયેલા હોવાનું કહેવાતા એક વેપારી પર જીવલેણ હુમલો થતાં શહેરમાં ચકચાર મચી છે. અકોટા પોલીસે હરિ સિન્ધી સહિત ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હરણી-વારસિયા રિંગ રોડ સ્થિત દાજીનગર સોસાયટીમાં રહેતા અને બ્રેડના વ્યવસાય સાથે સંકળાયેલા રવિ ભીમનદાસ દેવજાની 25 જૂનની વહેલી સવારે મિત્ર અર્જુન સાથે નાસ્તો કરવા નટુભાઈ સર્કલ ગયા હતા. તે દરમિયાન હરિ સિન્ધીએ તેમને બોલાવ્યા હતા. ત્યાં હરિ સિન્ધી ઉપરાંત સાહિલ રાજપૂત અને વિવેક ઉર્ફે બન્ની કેવલાણી હાજર હતા.

જૂની અદાવતને લઈને ત્રણેય આરોપીઓએ રવિ સાથે બોલાચાલી કરી હતી. મામલો શાંત પાડવાના પ્રયાસ છતાં આરોપીઓ ઉશ્કેરાઈ ગયા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન સાહિલ રાજપૂતે પાછળથી રવિના માથામાં પથ્થર મારી હુમલો કરતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થઈ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. હુમલા બાદ ત્રણેય આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

ઘાયલ વેપારીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર કરવામાં આવી હતી. બનાવને પગલે વિસ્તારમાં લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને થોડીવાર માટે તંગદિલીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં અકોટા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. આસપાસના સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસની અલગ-અલગ ટીમો કાર્યરત કરવામાં આવી છે.

અકોટા પોલીસે હરિ સિન્ધી, સાહિલ રાજપૂત અને વિવેક ઉર્ફે બન્ની કેવલાણી સામે ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે. શહેરમાં બે ગેંગ વચ્ચેની અદાવતને કારણે વારંવાર હિંસક ઘટનાઓ બનતાં વેપારીઓ અને સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

ગોત્રી-સેવાસી રોડ પર ડિવાઈડર કૂદી સામેથી આવતી કાર સાથે અકસ્માત

નશામાં ધૂત ડોર ટુ ડોરના ચાલકે કારને અડફેટે લીધી, અકસ્માત બાદ દારૂની પોટલી મળી

ઈજાગ્રસ્ત કાર ચલાકને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો

(પ્રતિનિધિ) વડોદરાઃ

વડોદરા મહાનગરપાલિકાની ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરતી ગાડી સાથે ગોત્રી-સેવાસી રોડ પર ગંભીર અકસ્માત સર્જાયો છે. પ્રાથમિક માહિતી મુજબ, કચરા ગાડીનો ચાલક દારૂના નશામાં હોવાનું કહેવાય છે. સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી ડિવાઈડર કૂદી સામેથી આવી રહેલી કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં કારને ભારે નુકસાન થયું હતું, જ્યારે કારચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હોવાનું જાણવા મળ્યું છે.

ઘટના બાદ સ્થળ પર લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. આ દરમિયાન કચરા ગાડીમાંથી દેશી

દારૂની પોટલીઓ મળી આવ્યાની માહિતી સામે આવતાં સમગ્ર ઘટનાએ નવો વળાંક લીધો છે. જેને લઈને પાલિકાની કામગીરી અને કોન્ટ્રાક્ટર દ્વારા વાહનોના સંચાલન અંગે અનેક સવાલો ઊભા થયા છે.

શહેરમાં દારૂબંધી અમલમાં હોવા છતાં પાલિકાની કામગીરીમાં ઉપયોગમાં લેવાતા વાહનમાં દારૂ મળ્યાની ઘટનાએ તંત્ર સામે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. વાહનચાલકોની યોગ્ય ચકાસણી થાય છે કે નહીં અને કોન્ટ્રાક્ટર દ્વારા સુરક્ષા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં, તે મુદ્દે પણ ચર્ચા શરૂ થઈ છે.

સ્થાનિકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે જાહેર માર્ગો પર દોડતા આવા વાહનો લોકોના જીવ માટે જોખમરૂપ બની રહ્યા છે. હવે જવાબદાર ચાલક અને સંબંધિત કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

વડોદરા-દાહોદ મેમુ ટ્રેન આજથી ૨૬ દિવસ માટે રદ

પુરી રથયાત્રા માટે રેક ફાળવાતા રેલવેનો નિર્ણય, 2 ઓગસ્ટ સુધી ટ્રેન બંધ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

વડોદરા અને દાહોદ વચ્ચે અપડાઉન કરતા હજારો દૈનિક મુસાફરો, નોકરિયાતો અને વિદ્યાર્થીઓને અસર થશે. પૂર્વ તટીય રેલવેના પુરી ખાતે યોજાનારી વિશ્વપ્રસિદ્ધ રથયાત્રા માટે મુસાફરોની વધારાની ભીડને પહોંચી વળવા વડોદરા મંડળે એક મેમુ રેક ફાળવવાનો નિર્ણય લીધો છે. તેના પગલે વડોદરા-દાહોદ-વડોદરા મેમુ ટ્રેન તા. 7 જુલાઈથી 2 ઓગસ્ટ 2026 સુધી એટલે કે 26 દિવસ માટે અસ્થાયી રૂપે રદ કરવામાં આવી છે.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેનાએ જણાવ્યું કે પુરી ખાતે તા. 7 જુલાઈથી 2 ઓગસ્ટ 2026 દરમિયાન યોજાનારી રથયાત્રામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટવાની સંભાવના છે. મુસાફરોની અસાધારણ સંખ્યાને ધ્યાને લઈને રેલવે બોર્ડની સૂચના મુજબ દેશના વિવિધ ઝોનમાંથી વધારાના રેક મંગાવવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે વડોદરા મંડળમાંથી એક મેમુ રેક પૂર્વ તટીય રેલવેને મોકલવાની યોજના છે.

આ કારણોસર દાહોદ-વડોદરા રૂટ પર સૌથી વ્યસ્ત ગણાતી ટ્રેન નંબર 69233/69234 વડોદરા-દાહોદ-વડોદરા મેમુ 26 દિવસ સુધી સંપૂર્ણપણે બંધ રહેશે. આ ટ્રેન સવારે વડોદરાથી દાહોદ અને સાંજે દાહોદથી વડોદરા પરત ફરે છે. દૈનિક અપડાઉન કરતા નોકરિયાત વર્ગ, કોલેજના વિદ્યાર્થીઓ અને નાના વેપારીઓ મોટી સંખ્યામાં આ ટ્રેનનો ઉપયોગ કરે છે. અચાનક ટ્રેન રદ થવાથી આ તમામ વર્ગને બસ કે ખાનગી વાહનનો મોંઘો વિકલ્પ અપનાવવો પડશે. રેલવે તંત્રે મુસાફરોને આ 26 દિવસના સમયગાળા દરમિયાન અગાઉથી વૈકલ્પિક મુસાફરીની વ્યવસ્થા કરી લેવા ખાસ અપીલ કરી છે.

પત્નીની આંખો સામે સમગ્ર સર્જાઈ દુર્ઘટના

ડભોઈના પારા ગામે નદીમાં ન્હાવા પડેલા પરપ્રાંતીય ખેત મજૂરનો મગર દ્વારા શિકાર

પરિવાર સાથે ખેત મજૂરી કરવા આવેલા ૪૦ વર્ષીય શ્રમિકનું મગરના હુમલામાં મૃત્યુ

બે માસ પહેલાં રોજગારી માટે આવ્યો હતો, પત્ની અને બે સંતાનો નિરાધાર બન્યા

(પ્રતિનિધિ) વડોદરા. તા.૫

ડભોઇ તાલુકાના પારા ગામે નદીમાં ન્હાવા ગયેલા એક પરપ્રાંતીય ખેતમજૂર પર મગરે જીવલેણ હુમલો કરી તેને પાણીમાં ખેંચી જતાં કરુણ મોત નીપજ્યું છે. આ હૃદયદ્રાવક ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. રોજગારીની શોધમાં પરિવાર સાથે ગુજરાત આવેલા શ્રમિકના અચાનક મોતથી પત્ની અને બે નાના બાળકો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના સોંઢવા તાલુકાના સુગઠ ગામના રહેવાસી 40 વર્ષીય બજારિયાભાઈ નશરૂભાઈ નાયક છેલ્લા બે મહિનાથી ડભોઈના પારા ગામે પરિવાર સાથે રહી ખેતમજૂરી કરી જીવન નિર્વાહ કરતા હતા. રવિવારે બપોરે તેઓ પરિવાર સાથે નદી કિનારે ગયા હતા. પરિવાર કિનારે બેઠો હતો ત્યારે બજારિયાભાઈ ન્હાવા માટે નદીમાં ઉતર્યા હતા. તે દરમિયાન નદીમાં રહેલા મગરે અચાનક તેમના પર હુમલો કરી તેમને ઊંડા પાણીમાં ખેંચી લીધા હતા.

પતિ પર મગરનો હુમલો થતાં પત્નીએ બૂમાબૂમ કરતાં આસપાસના ખેતરોમાં કામ કરતા ખેડૂતો અને ગ્રામજનો તાત્કાલિક દોડી આવ્યા હતા. ભારે જહેમત બાદ ગ્રામજનોએ મગરના ચુંગાલમાંથી બજારિયાભાઈને બહાર કાઢ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ દૃશ્ય જોઈ ઉપસ્થિત લોકો પણ સ્તબ્ધ બની ગયા હતા.

ઘટનાની જાણ થતાં ચાંદોદ પોલીસ, ડભોઈ વન વિભાગની ટીમ તેમજ સ્થાનિક એનજીઓના કાર્યકરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પરિવારના આક્રંદથી સમગ્ર વિસ્તાર ગમગીન બની ગયો હતો, જ્યારે ગ્રામજનોએ નદી કિનારે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની માંગ પણ ઉઠાવી છે.

ડુપ્લિકેટ ચલણી નોટ કેસમાં SOGએ સુરતથી સપ્લાયરની ધરપકડ કરી

પૂર્વે ઝડપાયેલા આરોપીની કબૂલાતના આધારે વેલેન્જામાં દરોડો

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેર એસઓજીએ ભારતીય

બનાવટની ડુપ્લિકેટ ચલણી નોટોના કેસમાં વધુ એક મહત્વની સફળતા મેળવી છે. અગાઉ ઝડપાયેલા આરોપી નિરવ પ્રભુલાલ મહેતાની પૂછપરછના આધારે સુરતના વેલેન્જા વિસ્તારમાંથી ડુપ્લિકેટ ચલણી નોટોના સપ્લાયર મનિષ પાનસુરીયાની ધરપકડ કરવામાં આવી છે. આરોપી પાસેથી એક મોબાઈલ ફોન કબજે કરી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ગત 14 ફેબ્રુઆરી, 2026ના રોજ વાઘોડિયા રોડ સ્થિત ICICI બેંકના કેશ ડિપોઝિટ મશીનમાં સ્વિગીના એકાઉન્ટમાં રૂ.200ની સાત નકલી નોટો જમા થતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. બેંક મેનેજરની ફરિયાદના આધારે ડીસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

તપાસ દરમિયાન પોલીસે સ્વિગી ઈન્સ્ટામાર્ટના રાઈડર મારફતે રોકડ ચુકવણી કરનાર નિરવ પ્રભુલાલ મહેતાની ધરપકડ કરી હતી. તેની પાસેથી રૂ.200ની 60 ડુપ્લિકેટ ચલણી નોટો મળી આવી હતી. પૂછપરછમાં તેણે આ નોટો સુરતના મનિષ પાનસુરીયા પાસેથી મેળવ્યાનું કબૂલ્યું હતું. ત્યારબાદ એસઓજીના પીઆઈ બી.ડી. જીતીયાના માર્ગદર્શન હેઠળ ટીમે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી સુરતના વેલેન્જા ગામેથી મનિષ પાનસુરીયાને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે મનિષ પાનસુરીયા અને નિરવ મહેતા અગાઉ ભાગીદારીમાં શેરબજારનો વ્યવસાય કરતા હતા. શેરબજારમાં ભારે નુકસાન થતાં મનિષે બારડોલી નજીકના ગામમાંથી અસલ નોટોના બદલે ડબલ પ્રમાણમાં ડુપ્લિકેટ નોટો મેળવી હતી. બંનેએ નોટો નકલી હોવાની જાણ હોવા છતાં આર્થિક લાભ માટે તેને બજારમાં ચલાવવાનો પ્રયાસ કર્યો હતો.

‘તારા પિતા ભિખારી છે’ કહી પરિણીતાને ઘરેથી કાઢી મૂકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરાના તાંદલજા વિસ્તારમાં દહેજની માંગને લઈને પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાનો મામલો સામે આવ્યો છે. કંટાળેલી પરિણીતાએ આખરે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પતિ સહિત ચાર સામે ગુનો નોંધાયો છે.

ફરિયાદ મુજબ, પરિણીતાના લગ્ન 1 માર્ચ, 2024ના રોજ થયા હતા. લગ્ન બાદ સાસરિયાઓએ ઘરકામ જેવી સામાન્ય બાબતોમાં ઝઘડા કરી ગાળો આપી અપમાનિત કરી હતી. ઉપરાંત, “તારા પિતાએ લગ્નમાં કંઈ આપ્યું નથી, તારો બાપ ભિખારી છે, પિયરથી રૂપિયા લઈને આવ” કહી દહેજ માટે દબાણ કરવામાં આવતું હતું. આરોપ છે કે સાસરિયાઓએ પરિણીતાનો સામાન બહાર ફેંકી તેને પહેરેલા કપડાંએ જ ઘરેથી કાઢી મૂકી હતી. આ મામલે મહિલા પોલીસે પતિ, સાસુ, સસરા અને નણંદ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હરિનગરમાં રોડ પર પાલિકાનું કચરા વાહન ભુવામાં ખાબક્યું

પ્રી-મોન્સૂન કામગીરીની ખુલી પોલ, વાહનના પાછળના પૈડાં જમીનમાં ખૂંપ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

વડોદરા શહેરમાં ચોમાસાના પ્રથમ વરસાદ સાથે જ મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી અને રોડની ગુણવત્તાની પોલ ખુલ્લી પડી છે. સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે શહેરમાં ઠેર-ઠેર રસ્તાઓ પર ભુવા પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. હરિનગર વિસ્તારમાં પાલિકાનું જ ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરતું વાહન વિશાળ ભુવામાં ખાબકતાં તંત્રની કામગીરી સામે ફરી સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, હરિનગરથી વોર્ડ નં. 11 તરફ જવાના મુખ્ય માર્ગ પરથી કોર્પોરેશનનું કચરા કલેકશન વાહન નિયમિત કામગીરી દરમિયાન પસાર થઈ રહ્યું હતું. તે દરમિયાન અચાનક રસ્તાનો એક ભાગ ધસી પડતાં વાહન સીધું ભુવામાં ખાબક્યું હતું. અકસ્માતમાં વાહનના પાછળના પૈડાં જમીનમાં ઊંડે

સુધી ખૂંપી ગયા હતા, જ્યારે આગળનો ભાગ હવામાં લટકી ગયો હતો. સદનસીબે ડ્રાઈવર સહિત કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ વાહનને નુકસાન પહોંચ્યું હતું. બાદમાં ભારે જહેમત બાદ વાહનને બહાર કાઢવામાં આવ્યું હતું. ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. પ્રથમ વરસાદમાં જ રસ્તા બેસી જતાં રોડના બાંધકામની ગુણવત્તા સામે પ્રશ્નો ઊભા થયા છે. દર વર્ષે પ્રી-મોન્સૂન કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, છતાં સામાન્ય વરસાદમાં પણ રસ્તાઓ ધસી પડતા લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ જવાબદાર કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરી રસ્તાઓનું ગુણવત્તાસભર સમારકામ કરવાની માંગ ઉઠાવી છે.

વડોદરા-સુરત એક્સપ્રેસ-વે પર કલાકો સુધી ટ્રાફિકજામ

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

વડોદરાથી સુરત તરફ જતા વાહનચાલકોને અંકલેશ્વરના અડોલ અને પીલુદરા ગામ નજીક એક્સપ્રેસ-વે પર કલાકો સુધી ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. રોડ પર પડેલા મોટા ગાબડા, તૂટેલા સ્લેબ તેમજ હાઈટેન્શન લાઈનના સમારકામને કારણે વાહનવ્યવહાર ગંભીર રીતે પ્રભાવિત થયો હતો.

ભારે ટોલ ટેક્સ ચૂકવી ઝડપી મુસાફરી માટે એક્સપ્રેસ-વે પસંદ કરનારા મુસાફરો લાંબા સમય સુધી ગરમીમાં અટવાઈ ગયા હતા. માર્ગ પર રિપેરિંગ કામગીરીના કારણે વાહનોની લાંબી કતારો લાગી હતી. ચોમાસામાં રોડની નબળી સ્થિતિ અને આયોજનના અભાવે સર્જાયેલી આ સમસ્યાને લઈને વાહનચાલકોએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો. એમ્બ્યુલન્સ સહિતના ઈમરજન્સી વાહનોને પણ ટ્રાફિક વચ્ચે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મુસાફરોએ વહેલી તકે માર્ગનું સમારકામ પૂર્ણ કરી ટ્રાફિક વ્યવસ્થા સુચારુ કરવાની માંગ કરી છે.

ધોળાયેલું ઓઈલ પરિવાર માટે યમદૂત સાબિત થયું

બાઈક સ્લીપ થતાં મહિલાનું સારવાર દરમિયાન મોત

પોલિટેકનિક કોલેજ નજીક સર્જાયો અકસ્માત, એક જ બાઈક પર સવાર ત્રણેય ઘાયલ

સયાજી હોસ્પિટલમાં કાંતાબેન રાવળે તોડ્યો દમ, પોલીસ તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

વડોદરા શહેરના પંડ્યા બ્રિજ ઉતરતા પોલિટેકનિક કોલેજ નજીક રસ્તા પર ઢોળાયેલા ઓઈલના કારણે બાઈક સ્લીપ થઈ જતાં સર્જાયેલા અકસ્માતમાં ગોત્રી વિસ્તારની 38 વર્ષીય કાંતાબેન રાવળનું સારવાર દરમિયાન સયાજી હોસ્પિટલમાં મોત નીપજ્યું છે. ઘટનાથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

મળતી માહિતી મુજબ, ગોત્રીની શ્રીજી વંદન સોસાયટીમાં રહેતા રવિ પ્રકાશભાઈ રાવળ, કાંતાબેન રાવળ અને જયપાલ રાવળ એક જ બાઈક પર કોઈ કામસર જઈ રહ્યા હતા. પંડ્યા બ્રિજ પરથી નીચે ઉતરતા સમયે રસ્તા પર અગાઉથી ઢોળાયેલા ઓઈલના કારણે બાઈક અચાનક સ્લીપ થઈ ગઈ હતી. અકસ્માતમાં ત્રણેય રોડ પર પટકાતા ગંભીર ઈજાઓ પહોંચી હતી.

સ્થાનિક લોકોની મદદથી ત્રણેયને 108 એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન ગંભીર ઈજાગ્રસ્ત કાંતાબેન રાવળનું મોત થયું હતું. ઘટનાની જાણ થતાં પોલીસ હોસ્પિટલ પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી રસ્તા પર ઓઈલ ઢોળનાર જવાબદાર વાહનચાલકને શોધવા તેમજ સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

એમ્બ્યુલન્સ ન મળ્યાનો પરિવારનો આક્ષેપ, હોસ્પિટલ સ્ટાફના વર્તન સામે રોષ

સયાજી હોસ્પિટલમાં માનવતા શરમાઈ, પરિવારજનોએ સ્ટેચર ધકેલી મૃતદેહ કોલ્ડરૂમ સુધી પહોંચાડ્યો

મૃતદેહ લઈ જવા પરિવારને કરવી પડી મજબૂરી, હોસ્પિટલ તંત્રની કામગીરી સામે ઉઠ્યા સવાલ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી હોસ્પિટલ ગણાતી સયાજી હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. સારવાર દરમિયાન મૃત્યુ પામેલી મહિલાના પાર્થિવ દેહને પોસ્ટમોર્ટમ રૂમ સુધી લઈ જવા માટે હોસ્પિટલ તરફથી એમ્બ્યુલન્સની વ્યવસ્થા ન કરવામાં આવી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. પરિણામે શોકગ્રસ્ત પરિવારને જાતે જ સ્ટેચર ધકેલી મૃતદેહને કોલ્ડરૂમ સુધી પહોંચાડવો પડ્યો હતો. ઘટનાનો

વીડિયો સામે આવતાં હોસ્પિટલ તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.

મૃતકના જમાઈ રવિ રાવલે જણાવ્યું હતું કે, એમ્બ્યુલન્સ માટે અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ મદદ મળી નહોતી. તેમનો આક્ષેપ છે કે જવાબદાર અધિકારીઓ તેમની રજૂઆત સાંભળવાને બદલે પોતાના મોબાઈલમાં વ્યસ્ત હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ, મદદ માંગતા હોસ્પિટલના કેટલાક કર્મચારીઓએ તેમની સાથે અભદ્ર ભાષામાં વાત કરી અને “જે કરવું હોય તે કરી લો” જેવા શબ્દો ઉચ્ચાર્યા હતા. આ વર્તનથી પરિવારજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સરકાર દ્વારા હોસ્પિટલમાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવતી હોવા છતાં મૃતદેહને પોસ્ટમોર્ટમ રૂમ સુધી પહોંચાડવા જેવી પ્રાથમિક વ્યવસ્થા પણ ન મળતા તંત્રની સંવેદનશીલતા સામે પ્રશ્નો ઊભા થયા છે. ચોમાસાની સ્થિતિ વચ્ચે પરિવારજનોએ સ્ટેચર ધકેલી મૃતદેહ લઈ જવો પડ્યો હતો, જે દૃશ્ય જોઈ ઉપસ્થિત લોકો પણ વ્યથિત બન્યા હતા. આ ઘટનાએ સરકારી હોસ્પિટલોમાં દર્દીઓ અને તેમના પરિવારજનોને મળતી સેવાઓ અંગે ફરી ચર્ચા જગાવી છે. હવે હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ સમગ્ર ઘટનાની તપાસ કરી જવાબદાર કર્મચારીઓ સામે કાર્યવાહી કરે છે કે નહીં, તેના પર સૌની નજર મંડાઈ છે.

વારસિયામાં બંધ મકાનમાંથી રૂ.૧.૪૦ લાખની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

વડોદરાના વારસિયા વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરોએ સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત રૂ.1.40 લાખની માલમત્તાની ચોરી કરતાં વિસ્તારમાં ચકચાર મચી છે. ઘટનાની જાણ થતાં વારસિયા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વારસિયાની પરાગરાજ સોસાયટીમાં રહેતા કિશનકુમાર સુભાષભાઈ પટેલના મકાનમાં 3 જુલાઈના સવારે 11 વાગ્યાથી 4 જુલાઈના સવારે 10:30 વાગ્યા દરમિયાન તસ્કરો ત્રાટક્યા હતા. અજાણ્યા શખ્સોએ મુખ્ય લોખંડના દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી લાકડાની તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.1.40 લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.

વરસાદની શરૂઆત સાથે પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખોલી

બિલ-કલાલીમાં ખાડા, કાદવ-કિચડ અને ખુલ્લી ગટરથી રહીશો ત્રસ્ત

સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ચૂંટણીમાં જવાબ આપવાની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5:

વડોદરા શહેરમાં ચોમાસાના પ્રથમ વરસાદ સાથે જ મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખુલ્લી પડી છે. દર વર્ષે કરોડો રૂપિયાના ખર્ચના દાવા છતાં બિલ-કલાલી વિસ્તારમાં રસ્તાઓની બિસ્માર હાલત સામે આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

બિલ-કલાલી વિસ્તારમાં ઠેર-ઠેર મોટા ખાડા, કાદવ-કીચડ અને ખુલ્લા ગટરના ઢાંકણાં લોકો માટે જોખમરૂપ બન્યા છે. સામાન્ય વરસાદમાં જ રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ વારંવાર રજૂઆત છતાં તંત્ર દ્વારા કોઈ અસરકારક કામગીરી કરવામાં આવી નથી. રહીશોએ આક્ષેપ કર્યો છે કે ચૂંટણી સમયે મત માંગવા આવતા જનપ્રતિનિધિઓ બાદમાં વિસ્તારની સમસ્યાઓ તરફ ધ્યાન આપતા નથી. લોકોનું કહેવું છે કે રોડ-રસ્તાના નામે કરોડો રૂપિયાનો ખર્ચ દર્શાવવામાં આવે છે, પરંતુ જમીન

પર તેની અસર દેખાતી નથી. પરિણામે દર ચોમાસે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ મુદ્દે વોર્ડ નં. 12ના વોર્ડ પ્રમુખે પણ પાલિકા તંત્ર અને સ્થાનિક કોર્પોરેટરો પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે બિલ-કલાલી વિસ્તારમાં રોડ અને પ્રી-મોન્સૂન કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવાની માંગ કરી છે. સાથે જ ચેતવણી આપી છે કે જો લોકોની મૂળભૂત સમસ્યાઓનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો આગામી ચૂંટણીમાં જનતા પોતાનો જવાબ મતપેટી દ્વારા આપશે.